
# પશુ વિનાશથી પ્રજા વિનાશ



લેખક : વેણીશંકર મોરારજી વાસુ

# પશુવિનાશમાં પ્રજાવિનાશ

લેખકઃ શ્રી વેણીશંકર મુરારજી વાસુ

# પશુ વિનાશમાં પ્રજા વિનાશ

લેખકઃ **વેણીશંકર મુરારજી વાસુ**


પ્રથમ સંસ્કરણ : ઑક્ટોબર, ૧૯૭૭ (૧૦૦૦ નકલ)
દ્વિતીય સંસ્કરણ : જાન્યુઆરી, ૧૯૮૨ (૨૦૦૦ નકલ)
તૃતીય સંસ્કરણ : ફેબ્રુઆરી, ૧૯૮૯ (૨૦૦૦ નકલ)
ચતુર્થ સંસ્કરણ : મે, ૧૯૯૮ (૩૦૦૦ નકલ)

પહેલા ત્રણ સંસ્કરણોના પ્રકાશકઃ
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન, નિશાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૫૩૫૬૦૩૩

ચતુર્થ સંસ્કરણના પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
**વિનિયોગ પરિવાર**
બી-૨/૧૦૪, વૈભવ, જાંબલી ગલી,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨.
ટે. નં. ૮૯૯૧૭૮૧, ટેલી ફેક્સઃ ૮૯૮૦૭૪૯

મુદ્રણ ખર્ચઃ રૂા. ૮/-


**અનુમોદના**

આ પુસ્તિકાને પ્રસ્તુત સ્વરૂપ આપવા આર્થિક લાભ લેનાર અહિંસાપ્રેમી

**શ્રીમતી ચારૂલતા કિરીટભાઈ દોશી**
**તથા કુ. ઉપાસના, પ્રીયલ અને**
**અ. સૌ. રૂપલ જિજ્ઞેશ દોશી**

**કામધેનુ હર્બો કેર**
(ગૌમૂત્ર-ગોબર આધારિત ઔષધિઓ)
ફોનઃ ૩૭૨૩૮૫૯, ૩૭૬૧૨૯૭

ની અમે અનુમોદના કરીએ છીએ.

# પોતાના હાથે પોતાનો નાશ

અંગ્રેજો તો આ દેશમાંથી ઉચાળો ભરી ગયા પણ તે પહેલાં યુનિવર્સિટીના શિક્ષણ દ્વારા હજારો દેશી અંગ્રેજો તેમણે તૈયાર કરી દીધા હતા. આ દેશની ધરતીનો કાયમી કબજો કરવા આ એક જ ઉપાય હતો કે "દેશની પ્રજાને બધી રીતે બરબાદ કરી નાંખવી. આ માટે તેની સંસ્કૃતિનો સર્વનાશ કરવો."

આ કાર્ય પરદેશીઓ કરવા જાય તો પ્રજા વીફરે અને બળવો કરી બેસે એટલે દેશના જ લોકોના હાથે આ સર્વનાશનો કાર્યક્રમ અમલી બનાવવાનું અનિવાર્ય હતું. એ માટે જ દેશી અંગ્રેજોને તૈયાર કરવામાં આવ્યા. આજે તો એ ડીગ્રીધારી, પશ્ચિમ-પરસ્ત દેશી અંગ્રેજોની સંખ્યા લાખો સુધી પહોંચી ગઈ છે.

આ દેશી અંગ્રેજોએ જાણે કે અજાણે એમને મળેલા શૈક્ષણિક પશ્ચિમી વારસાને કારણે સંસ્કૃતિનાં તમામ ક્ષેત્રોના મૂળમાં ઘા મારી દીધા છે. મોક્ષલક્ષી સંસ્કૃતિના વૃક્ષનાં તમામ અંગોને હચમચાવી નાખ્યાં છે. આ શિક્ષિતોને શિક્ષિત કહેવા કે કેમ? એ પણ એક સવાલ થઈ પડે તેવી તેમની પશ્ચિમી-પરસ્ત નીતિરીતિઓ જોવા મળે છે. શ્રી વેણીશંકર મુરારજી વાસુ આ વિષયમાં સારી એવી જાણકારી ધરાવે છે. તેમનો પ્રત્યેક વિચાર જુદા જુદા વિષયો ઉપર વેધક પ્રકાશ ફેંકે છે દાખલા, દલીલો અને આંકડાઓ એ દરેક લેખ પાછળનું એમનું બળ છે. બેશક આ લેખો સર્વથા આધ્યાત્મિક ભૂમિકા પર નથી પરન્તુ આધ્યાત્મિક જીવન જીવવાનો જન્મ-સિદ્ધ હક્ક ધરાવતી આર્યાવર્તની મહાપ્રજાના સર્વનાશના

ઘાતકી અને ભેદી શસ્ત્રો તે ખુલ્લાં પાડે છે અને એ રીતે આર્ય મહાપ્રજાની મહાસંતો-દીધી ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિની પુનઃસ્થાપના કરીને મહાપ્રજાના આધ્યાત્મિક સ્તરોને મજબૂત કરવાના પ્રયત્નમાં આ લેખો પોતાનો વિશિષ્ટ ફાળો નોંધાવે છે.

શ્રી વાસુ જણાવે છે કે સાંસ્કૃતિક તત્ત્વોને પશ્ચિમ-પરસ્ત ભેદી અને અણઘડ નીતિરીતિના હાલના વેગથી પણ નષ્ટ કરવાનું ચાલુ રાખવાનું આવશે તો ભારતીય પ્રજાનું આયુષ્ય કદાચ સો-બસો વર્ષથી ઝાઝું નહિ હોય!

શ્રી વાસુની વિચારધારા ભારતીય પ્રજા સુધી પહોંચે તો તેમના મગજમાં પરદેશી એજન્ટોએ જે ખોટા ખ્યાલો ભરી દીધા છે - જેના દ્વારા પ્રજાના તમામ જીવન સ્તરો હચમચી ઊઠયા છે - તે બધા જળમૂળથી ઉખડી જાય. અબજો રૂ.નો વ્યય, અઘોર હિંસા અને વ્યાપક દુરાચારને પોષતી તમામ પ્રગતિવાદી વિચારસરણીઓને જોરદાર લપડાકો મારતી શ્રી વાસુની વિચારણા અલ્પતમ ધનવ્યય, અહિંસક પ્રણાલી અને વિશુદ્ધ સદાચારોના નિર્માણની બહુમુખી યોજનાથી ખીચોખીચ ભરેલી હોય તેમ દેખાય છે. જેના દ્વારા આત્મા મોક્ષભાવ તરફ ચોક્કસપણે આગળ વધે તે વિચારઃ તે પ્રચાર કે તે આચારને જ મારું અનુમોદન હોય તે સહજ છે.

શ્રી શ્રીપાળનગર, વાલકેશ્વર, ગુરુપાદપદ્મરેણુ
મુંબઈ-૬. **પં. શ્રી ચન્દ્રશેખરવિજય**
વિ. સં. ૨૦૩૩ દશેરા.

## પ્રકરણ : ૧

❋ **અનેક રાજકરણીઓના કૌભાંડો જ્યાં વિસાતમાં નથી એવા કૌભાંડો કદી પકડાશે ખરા?**

❋ **દેશની પ્રજા સર્વનાશના ભેદી ઘાટે ઊતરવા લાગી ગઈ છે!**

❋ **ઓ રાજ્યકર્તાઓ! શા માટે આંખ આડા કાન કરી રહ્યા છો?**

સ્વાધીનતા આપવાનો ઢોંગ કરીને દેશમાંથી ચાલ્યા જવાનો દેખાવ કરી ગયેલા અંગ્રેજો, પોતાના પાણી પાયેલા એવા દેશી નિષ્ણાતો મોટી સંખ્યામાં આ દેશમાં મૂકતા ગયા છે. આજે પણ તેમના રાજકીય વારસો અંગ્રેજોની વફાદારીનું ખાતું બરોબર સંભાળતા રહીને ભયંકર કૌભાંડોના સર્જનહારનું કામ કરી રહ્યા છે!

અહીં એમના ભેદી કૌભાંડની એક વાત રજૂ કરું છું. આ ઉપરથી ખ્યાલ આવશે કે ખૂબ જ ભેદી રીતે દેશની પ્રજા સર્વનાશની ખાઈ તરફ ઝપાટાબંધ ધકેલાઈ રહી છે! સાવ લાચારપણે, પરવશપણે, બેચેનપણે.

### ભેદી રીતે ડેરી દ્વારા ગાયોનો નાશ

એ દેશી નિષ્ણાતોએ સરકાર પાસે એક લાખ ગાયોનો એક, એવા બાવીસ ઈન્ટેન્સીવ કેટલ ડેવલપમેન્ટ બ્લોક ઊભા કરાવ્યા. આનો આશય પાંચ વર્ષમાં દૂધના ઉત્પાદનમાં ત્રીસ ટકાનો વધારો કરી દેવાનો હતો.

વળી ૧૯૬૪-૬૫માં દૂધ-ઉત્પાદન અને બળદોની કાર્યક્ષમતા વધારવાના નામ નીચે ૩૨ નવા 'કી વિલેજ' બ્લૉકની સ્થાપના થઈ.

ચોથી પંચવર્ષીય યોજનામાં પશુઉછેર ખાતા માટે ૯૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. પણ સાથોસાથ મરઘાં, બતકાં અને ડુક્કર ઉછેરને પણ આ ખાતા સાથે સાંકળી દેવામાં આવ્યો. લગભગ બધી રકમ આ મરઘાં, બતકાં, ડુક્કર-ઉછેરમાં જ ખર્ચાઈ ગયાની મને પાકી શંકા છે.

હવે ઈન્ટેન્સીવ કેટલ બ્લૉકની સંખ્યા ૨૨ની ૫૫ કરાઈ અને કી વિલેજ સ્કીમની સંખ્યા ૩૨ની ૫૭૯ કરાઈ.

૧૯૭૨-૭૩માં ડુક્કરોનું ૯૦૦ ટન માંસ પેદા કરવામાં આવ્યું. કદાચ પ્રજાને આની જાણ પણ નહિ હોય!

આટલા મોટા દૂધ ઉત્પાદનના સાહસના છેડે શું થયું? તે હવે બરોબર સમજજો.

## અંતે આવ્યો, દૂધનો પાઉડર!

પાંચ વર્ષમાં ('૬૯માં) મલાઈ કાઢી લીધેલા દૂધનો ૧,૨૬,૦૦૦ ટન પાઉડર; ૪૨,૦૦૦ ટન બટર ઑઈલ આયાત કરવાનો નિર્ણય લેવાયો. (આ બટર ઑઈલ શું છે? એ એક કોયડો છે. અંગ્રેજી શબ્દકોશમાં આવો કોઈ શબ્દ જ નથી. જો તે માખણ હોય તો તેને બટર-ઑઈલ ન કહેવું જોઈએ. જો તે ગાય કે ડુક્કરની ચરબી હોય (મને તો તેમ જ લાગે છે) તો તેને 'બટર ઑઈલ' નામ આપીને અન્નાહારી પ્રજા સાથે ભયંકર છેતરપિંડી જ કરવામાં આવી નથી શું? પણ તો ય પ્રજા તો 'બટર ઑઈલ' જ કહેશે અને અન્નાહારમાં ગણીને જ વાપરશે. ધર્મ અને જીવન પ્રત્યે પ્રજાની પણ કેટલી

લાપરવાઈ!

## આનો જવાબ કોણ આપશે?

હવે સવાલ થાય છે કે એક એક લાખ ગાયોના જે ૫૫ બ્લોક સ્થપાય તે દરેક ગાય ઓછામાં ઓછું એક હજાર લિટર દૂધ આપે તો ય પાંચ વર્ષના અંતે ૩૦ ટકાના વધારાના હિસાબે પણ સાડા પાંચ અબજ લિટરને બદલે ૭ અબજ ૧૫ કરોડ લિટર દૂધ મળવું જોઈએ. પણ દૂધનું તો નામોનિશાન નથી અને આંકડાઓ તો અબજ રૂપિયા સુધીના પાઉડરની આયાતના જાહેર કરાયા છે. તો કયાં ગઈ લાખો ગાયો? કયાં ગયું અબજો લિટર દૂધ? કેમ આયાત કરવો પડયો; પાઉડર?

બધું ગટાગૂમ!

કહો, લાલુ પ્રસાદના કૌભાંડ આની સામે શું વિસાતમાં છે?

કોણ માંગશે, આનો જવાબ?

રે ભારતીય પ્રજાજનો! સ્વાર્થની કુંભકર્ણ નિદ્રામાંથી જાગો અને જવાબ માંગો! નહિ તો તમારા વૈભવી ફલેટો અને જલસાબાજીના જીવન પણ સલામત રહેનાર નથી. આ વાત રખે હસી કાઢતા.

## પ્રકરણ : ૨

**❋ લાલુના કૌભાંડો કરતાંય ભયંકર કૌભાંડોની સતત ચાલતી હારમાળા**

**❋ આ લોકોની આંખ કોણ ખોલશે?**

**❋ ગાયની કતલમાં સમગ્ર પશુ અને પ્રજાની કત્લેઆમ!**

ગોરાઓના વફાદાર એજન્ટો - અમીચંદો - એ અભ્યાસપૂર્ણ (!!!) અહેવાલ સરકારને આપ્યો અને સમજાવ્યું કે, 'આપણા દેશમાં દૂધની ભયંકર અછત છે, માટે પરદેશથી મબલખ દૂધ દેતી ગાયો આયાત કરવી.' ગાય મફત! લાવવનો ખર્ચ (ગાય દીઠ રૂા. ૬ હજાર) પરદેશીઓ આપી દે?

પણ આ શું? ઘણી ગાયો રસ્તામાં જ મરી ગઈ. જે જીવતી રહી તે ટી.બી., કેન્સર વગેરે રોગો લઈને આવતા અહીંના પશુમાં રોગચાળો ફેલાવવા લાગી.

હવે જુઓ વિચિત્રતા! રોગોના નાશ માટે અબજ રૂપિયાથી પણ વધુ રકમનાં ઈંજેકશનો મંગાવાયા. ઘણી ગાયો તો મરી ગઈ એટલે દૂધની તંગી નિવારવા માટે અબજ રૂપિયાથી વધુ રકમનો દૂધનો પાઉડર મંગાવાયો.

(ગાયો મફત! અને તેને લાવવાનો ખર્ચ આપતી પરદેશી ડેરીઓ જ આ ઈંજેકશનો અને પાઉડરો તૈયાર કરતી હશે કે શું?)

## લુચ્ચાઈથી આપણી ગાયોની કતલ

કૌભાંડ આટલેથી જ અટકતું નથી. પરદેશીઓને આપણી ગાયોના બળદો ખૂબ પસંદ પડયા છે, માટે તેઓને આપણી ગાયો વેચાતી અપાય છે. ખરેખર તો આ રીતે મેળવેલી ગાયોને ત્યાં મારી નાંખીને ખાઈ જ જવાય છે. કેમ કે પરદેશોમાં બળદથી ખેતી જ થતી નથી. ત્યાં તો ખેતીમાં ઘોડા, ટ્રેકટરો વગેરે જ વપરાય છે.

પણ આપણા વિલક્ષણ રાજકર્તાઓ! તેઓને ખબર જ નથી કે ગાયની અને દૂધની અછત કરવા માટે અને પછી પોતાનો દૂધ પાઉડર વેચવા માટે આ વ્યવસ્થિત ષડ્યંત્ર ગોઠવાયું છે.

એક ગાયના બે હજાર રૂપિયા મળતા આપણો અર્થનિષ્ણાત રાજી રાજી થઈ જાય છે.

એને કહેવાનું દિલ થઈ જાય છે કે, ઓ ભલા આદમી! બે હજાર રૂપિયામાં જે ગાયને પરદેશ મોકલાય છે તે ગાય અહીં દસ વર્ષ જીવીને તેના દૂધ, ઘી, છાણ, મૂતર, ખાતર, વાછડા અને વાછડી મળીને કુલ લગભગ ચાલીસ હજારનો માલ આપે છે.

હાય! ચાલીસ હજારની ગાય બે હજારમાં! કેવું ભયંકર કૌભાંડ!

હવે તમે જ કહો, શી રીતે પ્રજાની ગરીબી હટશે?

## આ રહ્યા; કેટલાક બોલતા આંકડા

હિંદુ ધર્મે ગોહત્યા, સ્ત્રીહત્યા, રાજહત્યા, બાળહત્યાને સહુથી મોટા પાપ ગણ્યા છે. જે લોકો ગાયના ખોરાકની (ખોળ, ભૂસું વગેરે) નિકાસ કરે છે; તેઓ વસ્તુતઃ ગોહત્યાનું જ પાપ કરે છે. ગાયના ખોરાકની નિકાસ કરનારા વેપારીઓ અને નિકાસની

પરવાનગી આપનાર પ્રધાનો બન્ને ગોહત્યાનું પાપ કરનારા બને છે.

| | |
|---|---|
| એક લાખ ટન ખોળ નિકાસ કરીએ ત્યારે | ૧૫ કરોડ રૂપિયાનું હૂંડિયામણ મળે. |
| એક લાખ ટન ખોળ નિકાસ કરીએ એટલે ત્રણ લાખ ગાયો પાસે ત્રણ લાખ ટન દૂધ ઓછું મળે. | જેથી ૬૦ કરોડ રૂપિયાનું દૂધ ગુમાવીએ. |
| ઓછા દૂધને કારણે તેમને અનાર્થિક ઠરાવીને વાછડા સહિત; ભૂખથી અથવા ગેરકાયદે ચાલતા કત્તલખાનામાં મારી નંખાય. | જેથી ૧૦ કરોડ રૂપિયાનું ખાતર અથવા બળતણ ગુમાવીએ. ૩૩ કરોડ રૂપિયાની ગાય તથા વાછડારૂપી મૂડીનો નાશ થાય. |

ખાતર માટે ફર્ટિલાઈઝર, બળતણ માટે કેરોસીન અને દૂધના પાઉડરની આયાત કરવા પાછળ બીજા અબજો રૂપિયા ખર્ચવા પડે. આ પ્રમાણે દર એક લાખ ટન ખોળની નિકાસ પાછળ ૭૦ કરોડ રૂપિયાની કિંમતના માલનું નુકસાન, ૩૩ કરોડ રૂપિયાની મૂડીનો નાશ અને અબજો રૂપિયાના પરદેશી હૂંડિયામણનો ખર્ચ થાય છે.

આ નિકાસથી દેશની ગરીબી વધે છે, ફુગાવો વધે છે, નિકાસકારોની શ્રીમંતાઈ વધે છે. કદાચ, એ શ્રીમંતાઈનો ઉપયોગ તેઓ જીવન જરૂરિયાતની ચીજોના સટ્ટા, સંઘરા દ્વારા ભાવો વધારવામાં પણ કરતા હોય. સરકારી અમલદારને લાંચ આપવી એ ગુનો છે; પણ સરકારને ચરણે હૂંડિયામણની લાંચ ધરવી એ ગુનો ગણાતો નથી. એ લાંચ ધરીને તો કોઈ પણ સ્વાર્થ સાધી શકાય છે.

*ઓ, આ દેશના રાજ્યકર્તાઓ, તમે પરદેશી નિષ્ણાતોના અહેવાલોને પ્રામાણિક માની લેવાની ભૂલ ન કરી બેસો.*

*યાદ રાખો:*

*ગાયો (પશુઓ)ને માંસ માટે મરાતી નથી. એનું સરિયામ નિકંદન કાઢી નાખવા માટે જ મરાય છે.*

*પશુઓના નાશમાં આર્યવર્તનો સર્વનાશ છે.*

૩૧મી ઑગસ્ટ, ૧૯૭૭ના દિવસે અખિલ ભારતીય કૃષિ સેવા મંડળ દિલ્હીના ઉપક્રમે યોજાયેલા અધિવેશનમાં માનનીય માજી વડા પ્રધાન શ્રી મોરારજીભાઈએ કહ્યું કે, "હું બધા ક્તલખાના બંધ કરવા ઈચ્છું તો પણ લોકશાહીમાં બહુમતીનો નિર્ણય સ્વીકારવો પડે છે. જ્યારે બહુમતી જ માંસાહાર કરવાનો નિર્ણય કરે ત્યારે હું શું કરું? હું એવી અપેક્ષા રાખું કે ગાયની હત્યા ન થાય, પણ ગાય ઓછું દૂધ આપે છે કારણ કે એનું યોગ્ય સંવર્ધન નથી થતું."

અફસોસ! કે એ સંમેલનમાં ભેગા મળેલા લોકોમાંથી કોઈએ તેમને એમ પૂછવાની હિંમત ન કરી કે, "નામદાર, દેશમાં બહુમતી હિંદુઓની છે અને આ બહુમતી લોકો જ ગોવધબંધીની માગણી કરે છે, ગોવધબંધી એ કાંઈ માંસાહારનો સવાલ નથી. ભારતના માંસાહારી લોકો મોટા ભાગે ગાય, બળદનું માંસ ખાતા જ નથી. ગોવધબંધી એ તો દેશની ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો સવાલ છે. દેશની સલામતીનો સવાલ છે. કરોડો લોકોના સ્વાસ્થ્યનો સવાલ છે. જો તમે ગાયની હત્યા ન થાય એમ ઈચ્છતા હો, તો એ હત્યા થતી અટકાવવામાં તમને કોણ રોકે છે? શું એ હત્યા થતી અટકાવવામાં તમારી પાછળ ૪૦ કરોડ હિંદુઓનું પીઠબળ નથી?

'ગાયો ઓછું દૂધ આપે અને એનું સંવર્ધન થતું નથી,' એ વાતો રેઢિયાળ અન્નનીતિ, ગાયોનો ખોરાક નિકાસ કરી નાખવાની નીતિ, વનસ્પતિ ઉદ્યોગના આક્રમણ સામે ગાયોના હિતને રક્ષણ ન આપવાની નીતિ, ચરિયાણોનો નાશ કરવા દેવાની નીતિ, આવી અનેક પશુહિતવિરોધી નીતિઓનું પરિણામ છે, એનું શું તમને જ્ઞાન નથી?

## આમાં દોષ કોનો?

વળી ગાયોનું યોગ્ય સંવર્ધન ન થતું હોય તો એ દોષ કોનો છે? એનું સંવર્ધન કરવાના નામે તો તમે કરોડો રૂપિયા ખર્ચીને રાજ્યોમાં અને કેન્દ્રમાં પણ પશુસંવર્ધન ખાતાં ચલાવો છો. એ ખાતાં પશુસંવર્ધન કરવાને બદલે મચ્છીમારણ, મરઘાઉછેર અને ડુક્કરમારણની યોજનાઓ વિસ્તારતા જાય છે અને એ યોજનાઓ પાછળ લોકોને રોજી આપવાના બહાના નીચે કરોડો રૂપિયા ખર્ચે જાય છે અને તેમની રાહબરી નીચે જ તેમની ખોટી નીતિને કારણે પશુઓની શ્રમશક્તિ અને દૂધ દેવાની શક્તિ ઓછી થતી જાય છે. એ માટે તેમની સામે અદાલતી તપાસ શા માટે કરવામાં આવતી નથી?"

આગળ ચાલતા શ્રી મોરારજીભાઈએ જણાવ્યું કે, "અંગ્રેજોના જમાનામાં ગોહત્યા શરૂ થઈ અને ત્યારથી ગાય દુર્બળ થઈ. આપણે તેનું રક્ષણ ન કરી શકયા."

## અંગ્રેજોનો વારસો શા માટે ચાલુ રાખ્યો છે?

વાહ! કેવી વાત! કોઈએ તેમને એમ પણ ન પૂછયું કે અંગ્રેજો તો ગયા, હવે તમે તેમનો વારસો શા માટે સાચવી રાખ્યો છે? અંગ્રેજો તો ગાયનું ચામડું જ મુખ્યત્વે નિકાસ કરતા હતા, તમે તો ગાયને જ મુખ્યત્વે નિકાસ કરવાની અને એ નિકાસ વધારતા

જવાની પંચવર્ષીય યોજના પણ તૈયાર કરી છે; એ કેમ અટકાવતા નથી? હવે ગાયનું રક્ષણ કરવાને બદલે તેનું ભક્ષણ થવા દેવા માટે એને પરદેશ કેમ મોકલી આપો છો?

તમારા ખાતાંઓ વિદેશી સહાય અને સહયોગના ઓઠા નીચે આપણી તંદુરસ્ત ગાયો પરદેશ મોકલી આપે છે અને પરદેશની ચેપી રોગોવાળી ગાયોને અહીં રોગથી કે પ્રતિકૂળ હવામાનને કારણે મરવા આયાત કરે છે, એની પાછળ કઈ જાતનો આર્થિક સિદ્ધાંત છે તે સમજાવશો?

આપણા લોકો ગાયનું સંવર્ધન કરી જ ન શકે તે માટે તમારી રેઢિયાળ અન્નનીતિ અને નિકાસનીતિ દ્વારા તમે લોકો હાથે કરીને અવરોધો ઊભા કરો છો અને પછી લોકોની જ બદનક્ષી કરો છો કે તમે ગોસંવર્ધન કરતા નથી અને ગાયનું દૂધ પીતા નથી; માટે ગાયો અનાર્થિક થતી જાય છે.

ત્યાં ભેગા મળેલા લોકોએ ભલે એનો જવાબ ન માગ્યો હોય, પણ કર્મસત્તાના દરબારમાં મોરારજીભાઈએ, તેમના સાથીદારોએ અને તેમના પશુખાતાના અમલદારોએ એક દિવસ આ બધી બાબતોનો જવાબ આપવો પડશે.

## પ્રકરણ : ૩

- કેવા લોકોના હાથમાં દેશનું સંચાલન?
- જેના વિકાસની યોજના, તેનો નિશ્ચિત વિનાશ.
- કર્ણાટકના એ વિસ્તારે પ્રાચીન પદ્ધતિના અમલ દ્વારા મેળવેલા અદ્‌ભુત લાભ.

અનાજ, સિંચાઈ યોજનાઓ, પશુસંવર્ધન, બંદરી વિકાસ વગેરે યોજનાઓના ઘડવૈયાઓની અને એ યોજનાઓનો અમલ કરનારાઓની આસપાસ મોટી ઔદ્યોગિક પેઢીઓના એજન્ટો અને પરદેશી હિતોના ભારતીય મિત્રો ફરી વળે છે; પરિણામે દેશના દૂર દૂરના પ્રદેશોમાં વસતા લોકોને શી મુશ્કેલી છે? શું જોઈએ છે? શેની જરૂર છે? એ તમામ બાબતો તરફ ઉપેક્ષા સેવીને અબજો રૂપિયાની યોજનાઓ ઘડી નાખે છે; એ યોજનાઓના અમલ માટે નાણાં ઊભા કરવા નિતનવા કરવેરા લાદવામાં આવે છે. છતાં એનું પરિણામ કંઈ આવતું નથી. પશુસંવર્ધનને નામે થાય છે: ગાયો - ભેંસોનો વિનાશ; અને મરઘા-બતકાં તેમ જ ડુક્કરોનું સંવર્ધન. બંદરો નકામા બનતા જાય છે. સ્વરાજ મળ્યું તે પહેલા નાનામોટા બંદરોમાં વહાણવટું ચાલતું. આજે હવે તેમાંથી ૫૦ બંદરો નકામા થઈને બંધ પડયા છે. લાખો વહાણો દરિયામાં માલની હેરફેર કરતા, તેને બદલે હવે માછીમારોની જાળો દરિયામાં ફરી વળે છે. સિંચાઈના નામે ખર્ચાયેલા સેંકડો અબજ રૂપિયા

પાણીના દુકાળને અટકાવી શકયા નથી!

હા ફાયદો થયો છે; ખાસ કરીને સ્ટીલ, સિમેન્ટ અને એન્જિનિયરિંગ પેઢીઓને; અને એ ધંધા સાથે સંકળાયેલા બીજા વેપારીઓને!

**ગ્રામજનો જ હવે સાબદા બને**

ગામડાંઓના લોકો પોતે પોતાનું આયોજન નહિ કરે ત્યાં સુધી આપણી યાતનાઓનો, ગરીબીનો, ભ્રષ્ટાચારનો અને સંસ્કૃતિ સામેના હુમલાઓનો અંત આવી શકે તેમ નથી.

કર્ણાટકના એક નાના વિસ્તારમાં ત્યાંના સમજુ લોકોએ પ્રયત્નપૂર્વક ગોરક્ષા, વનરક્ષા, ભૂરક્ષા અને જલરક્ષા કરવાનું ચાલુ રાખ્યું છે. પરિણામે આજના અતિશય મોંઘવારી, ભ્રષ્ટાચાર, અછત અને માનસિક તાણના જમાનામાં પણ ત્યાંના લોકો ભારતના બીજા ભાગના લોકો કરતાં વધુ શાંતિથી અને વધુ સુખથી જીવન જીવી શકે છે.

ગોરક્ષા (ગોરક્ષામાં જીવમાત્રની રક્ષા સમજવી.) વનરક્ષા, ભૂરક્ષા (ભૂદાન નહિ) અને જલરક્ષા એ જ એક માત્ર તરણોપાય છે. એ સિદ્ધ કરવા લોકો પ્રયત્નો આદરે તો જ રામરાજ્ય, સંતરાજ્ય હસ્તાકમલવત્ બની જશે.

## પ્રકરણ : ૪

- **હરિજનોની બરબાદી સવર્ણોથી નથી થઈ, પશુઓની બેફામ કતલથી થઈ છે.**
- **ગાંધીજી પણ અંગ્રેજોની જાળમાં ફસાયા.**
- **રે! બધા ગાયોનું દૂધ શેં પીશે? એ ખરીદવાના પૈસા જ ક્યાં છે?**
- **ઓ! વિદેશીઓના એજન્ટ ભારતીયો! તમારા જૂઠાણાંના પ્રચાર આગળ ગોબેલ્સ પણ વામણો લાગે છે.**
- **વિશ્વમાં સૌથી ઓછા પશુઓ ભારત પાસે, છતાં ભારતમાં વધુ પડતા પશુઓની જાહેરાત નીચે અઘોર કત્લેઆમ.**

અંગ્રેજોએ ગાયોની સામુદાયિક કતલ શરૂ કરીને અને કતલ થયેલી તમામ ગાયોના ચામડાંની નિકાસ કરી નાખીને હરિજનોનો વંશપરંપરાનો ધંધો આંચકી લીધો અને તેમને બેકારી, ગરીબી, ગંદકી અને વ્યસનોની ખાઈમાં ધકેલી દીધા. તેમના આ મહાપાપના દોષનો ટોપલો ચાલાકીથી સવર્ણોની આભડછેટની વ્યવસ્થા ઉપર ઓઢાડી દીધો. ગાંધીજી જેવા પણ એ જાળમાં ફસાઈ જઈને હરિજનોની અધોગતિના મૂળ ગાયોની કતલમાં રહેલા છે એ સમજી શક્યા નહિ અને ખોટે ખીલે ચઢીને પોતાનાં સમય-શક્તિ એવી રીતે વેડફી નાખ્યા કે જેથી હરિજનોની આર્થિક અવદશા સુધરી નહિ.

અંગ્રેજોના ગયા પછી કોંગ્રેસ સરકારે ગોહત્યાની નીતિ ચાલુ રાખી; એટલું જ નહિ, તેને વિસ્તારવા માટે યોજનાઓ પણ ઘડી

અને ગોહત્યાનો દોષનો ટોપલો પ્રજા ઉપર એમ કહીને ઓઢાડી દીધો કે, 'તમે ગોહત્યા બંધ કરવાની માગણી કરનારા જ ભેંસનું દૂધ પીઓ છો. પછી તમને ગોહત્યા બંધ કરવાનો શો અધિકાર છે? તમે સહુ ગાયનું જ દૂધ પીઓ તો ગાયને કોણ મારશે?'

## પ્રજા દૂધ પીએ શી રીતે?

આવી દલીલોથી એવો દેખાવ કરી દીધો કે જાણે ભારતમાં ગાયના દૂધનું બજાર નથી અને લોકો ભેંસનું જ દૂધ પસંદ કરે છે. પણ ચીજવસ્તુની અછતના જમાનામાં લોકોને પસંદગી કરવાપણું રહેતું જ નથી. ઉપરાંત સરકારી કરભારણોએ, ભ્રષ્ટાચારે, આર્થિક તેમ જ વેપાર-વાણિજયની નીતિએ અને સહુથી ખરાબ તો રેઢિયાળ અન્નનીતિએ, લાયસન્સ, ક્વોટા અને કંટ્રોલની નીતિએ લોકોને એવા તો નિચોવી દીધા છે કે ઘણા મોટા ભાગના લોકો પાસે પીવા માટે દૂધ ખરીદવાના પૈસા જ કયાં છે? લોકો ચા બનાવવા માટે દૂધ ખરીદે છે પણ ગાયના દૂધ કરતાં ભેંસના દૂધની ચા સારી થાય છે અને તેમાં ઓછા દૂધનો ખપ પડે છે, માટે જ ભેંસનું દૂધ ખરીદે છે. ભેંસના દૂધમાં સારા પ્રમાણમાં પાણીની ભેળસેળ થઈ શકે છે; માટે શહેરોમાં ઢોરોના તબેલાવાળા ગાયોને બદલે ભેંસો રાખે છે.

છતાં ગાયના દૂધનું પણ વિશાળ બજાર છે. ભેંસના દૂધ કરતાં ગાયના દૂધની મીઠાઈઓ વધુ સ્વાદિષ્ટ અને વધુ દિવસો સુધી રાખી શકાય તેવી હોય છે માટે તેનું બજાર છે. આવા દૂધની મીઠાઈના બજારો બંધ થાય અને ગાયના દૂધની ખપત બંધ થાય તો જ માલધારીઓ પોતાની ગાયો વેચી નાખે, જે કસાઈઓ જ ખરીદે.

## ઢોરો વેચવાની ફરજ પાડતા આડકતરા દબાણો

કદાચ માલધારીઓને પોતાની ગાયો વેચી નાખવાની આડકતરી

ફરજ પાડવા માટે જ ૧૯૬૫ની આસપાસના એક વર્ષમાં માર્ચ માસમાં મીઠાઈના વેપારીઓને આપવાનો ખાંડનો જથ્થો છેક ઑગસ્ટ મહિનામાં આપ્યો. જો કે ખાંડનો મોટો જથ્થો ત્યાં પડેલો જ હતો, પરિણામે જે માલ-ધારીઓને તેમણે બનાવેલા ગાયના દૂધના માવાના કિલોના ચારથી પાંચ રૂપિયા ઉપજતા તેને બદલે તેમને કિલોના આઠ આના આપવા પણ કોઈ તૈયાર ન થયું. કારણ કે ખાંડ ન મળે તો માવો લઈને શું કરે? આવા આડકતરા દબાણો પાસે ઝૂકી જઈને માલધારીઓ પોતાની ગાયો વેચી નાખે અને ભરણપોષણનો પ્રામાણિક ધંધો ગુમાવી દેવાથી ગુજારા માટે અસામાજિક પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય તો તેમાં દોષ કોનો? આમ, જ્યારે નવા નવા પગલાંથી બેકારી વધારવામાં આવે તો દાણચોરી અને દારૂની પ્રવૃત્તિનો કેમ વિકાસ ન થાય? આવા પરિણામો માટે દોષિત કોણ? પ્રજા કે સરકાર?

## સરકારે ગાયો માટે શું કર્યું?

લોકોને ગાયનું જ દૂધ પીવાની સલાહ આપનારાઓને કોઈ પૂછો તો ખરા કે ગાયની દૂધ આપવાની ક્ષમતા વધે, એના દૂધની ગુણવત્તામાં સુધારો થાય તે માટે તમે કોઈ પગલાં લીધા છે ખરા? લાગવગવાળા અતિ શ્રીમંત અને બળવાન હિતાવાળાઓ સામે ગાયોને કોઈ રક્ષણ તમે આપ્યું છે ખરું? ગાયોને ઘાસચારો અને દાણો મળવા સામે તમે જ પહાડ જેવડા અવરોધો નથી મૂકયા? તમે કપાસિયા પીલવા ઉપર, ગુવારનો ઔદ્યોગિક ઉપયોગ કરવા ઉપર, ખોળ અને ભૂસાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવા તૈયાર છો ખરા?

સરકાર કોંગ્રેસની હોય કે જનતા પાર્ટીની, તેમાં કાંઈ ફેર પડતો નથી; કેમ કે બધી સરકારો વિદેશી હિતોના ભારતીય મિત્રોથી ઘેરાયેલી જ રહે છે. તેમનાથી પ્રભાવિત પણ રહે છે.

## ગોબેલ્સ પણ વામણો લાગે છે

સાવ સાદીસીધી વાત છે કે દેશમાં જેમ માનવવસતિ વધે તેમ દૂધ, ઘી, અનાજ, બળતણ, ખાતર, રહેઠાણો વગેરેની જરૂર વધારે રહે; અને તે મેળવવા માટે ગાયો અને બળદોની મોટી સંખ્યાની પણ જરૂર પડે જ.

પણ ભારતમાં ગોહત્યાના પ્રખર હિમાયતીઓ પ્રચારમાં જર્મનીના ગોબેલ્સને પણ ઝાંખા પાડે એવા કાબેલ છે. જૂઠ્ઠાણા ફેલાવવામાં કુશળ એવા તેમણે સરકાર અને પ્રજા બન્નેને સમજાવ્યું કે, "વિશ્વમાં સહુથી મોટી ગાયોની વસતિ ભારતમાં છે અને તેઓ વિશ્વમાં સહુથી ઓછું દૂધ આપનારી હોવાથી તેમનો સદંતર નાશ કર્યા વિના આ દેશનો ઉદ્ધાર નથી." નેહરુએ ગાયોની કતલના કાર્યને વેગીલું બનાવવા લીલી ઝંડી આપી દીધી. પ્રચારથી જેમનું Brain wash કરી નાખવામાં આવ્યું છે (Brain wash એટલે જુઠ્ઠા ધારદાર પ્રચારથી લોકોના મનમાં ખોટી હકીકતો ઠસાવી દેવી) એવી પ્રજાએ એ કાર્યને મને-કમને પણ જરૂરનું માન્યું. જેમણે ગોહત્યાનો વિરોધ કર્યો તેમને જડસુ, કોમવાદી, ધર્માંધ, પ્રત્યાઘાતી વગેરે વિશેષણોથી નવાજીને તેમની પ્રતિભા ખંડન કરવાનો પણ ધારદાર પ્રચાર થયો. પણ ગોહત્યાના સમર્થકોએ વિશ્વના દેશોની ગાયોની સંખ્યા સાથે આપણી ગાયોની સંખ્યાની સરખામણી કરતી વખતે આપણી ગાયો સાથે ભેંસો, બળદો, પાડા, વાછરડાં, ઘેટાં, બકરાં વગેરેની સંખ્યા મેળવીને પાંચ કરોડને બદલે એકત્રીસ કરોડની બતાવી; જ્યારે પરદેશોની સંખ્યા એકલી ગાયોની જ બતાવી.

## બે પ્રકારની ગાયો

આપણે ત્યાં બે પ્રકારની ગાયો છેઃ દુધાળી એટલે પુષ્કળ દૂધ આપનારી. આ જાતની ગાયો - ગોસંવર્ધન કરવાના કાર્ય સામે

આડકતરી રીતે પહાડ જેવા અવરોધો મૂકવામાં આવ્યા ન હતા - ત્યારે રોજ ૪૦ થી ૬૦ શેર દૂધ આપતી. એ અવરોધો મુકાયા પછી ક્રમે ક્રમે ઘસાતી જઈને હવે રોજના ૪ થી ૫ શેર દૂધ આપતી થઈ ગઈ છે. બીજી જાતની ગાયો ખરેખર ખૂબ ઓછું દૂધ આપનારી છે. પણ તેમનો ઉછેર એટલા માટે થાય છે કે તેમના વાછડાના શ્રેષ્ઠ અને બહુ ઉપયોગી બળદો બને છે અને બળતણ તેમ જ ખાતર માટે તેઓ છાણ અને મૂતર આપે છે.

## કેવી ભેદી ભેળસેળ!

યુરોપ-અમેરિકામાં ખેતી ઘોડા અને ટ્રેકટર વડે થાય છે અને તેમનો વાહનવહેવાર ઘોડા, મોટરલારી તેમ જ રેલવે દ્વારા ચાલે છે. તેથી તેમને બળદોની જરૂર નથી. તેમના વાછડાઓને ખૂંધ ન હોવાથી તેમને હળ કે ગાડામાં જોડી શકાય પણ નહિ. માટે વાછડો જન્મતાં જ તેઓ તેને મારીને ખાઈ જાય છે. ત્યાં ભેંસો હોતી જ નથી. એટલે દૂધ માટે માત્ર ગાયો જ હોય છે. અને માંસ માટે ગાયો ઉપરાંત કરોડો ડુક્કરો ઉછેરે છે. એટલે આપણી ગાયોની સંખ્યા સાથે બળદ, ભેંસ, વાછડા અને પાડાં તેમ જ ઘેટાં-બકરાંની પણ સંખ્યા ઉમેરવી હોય તો પશ્ચિમના દેશોની ગાયોની સંખ્યા સાથે પણ ઘેટાં, બકરાં, ઘોડા અને ડુક્કરની સંખ્યા ઉમેરવી જોઈએ. હવે જો એમ ગણીએ તો આપણા પશુધનની સંખ્યા બહુ નાની દેખાશે.

આપણી જમીન ખેડવા માટે, ખાતર માટે, વાહનવહેવાર માટે, દૂધ અને ઘી માટે, રહેઠાણો બાંધવા માટે (૬૦ ટકા લોકો ગારમાટીના મકાનમાં જ રહે છે), અનાજની જાળવણી માટે; આમ વિવિધ ક્ષેત્રે ઓછામાં ઓછી ૬૪ કરોડ ગાયો અને બળદોની જરૂરિયાત છે. જેની સામે આપણી પાસે માત્ર ૨૧ કરોડ પશુઓ છે. વિશ્વના બીજા દેશોની

ગાયોની સંખ્યા સાથે આપણી ગાયોની સરખામણી કરીએ તો માનવ-વસતિના પ્રમાણમાં ગાયોની સહુથી ઓછી સંખ્યા ભારતમાં છે.

જુઓ આપણી ગાયોની આ કંગાળ સંખ્યા:

| **દેશનું નામ** | **દર સો માણસોની વસતિએ ગાયોની સંખ્યા** |
|---|---|
| ન્યુઝીલેન્ડ | ૨૬૨ |
| આર્જેન્ટિના | ૨૩૩ |
| ઓસ્ટ્રેલિયા | ૧૮૦ |
| ડેન્માર્ક | ૭૨ |
| કેનેડા | ૫૯ |
| યુ.એસ.એ. | ૫૫ |
| ભારત | ૮ |

આમાં મોટા ભાગની ગાયો માત્ર બળદ માટે જ ઉછેરાતી હોઈને તેમને દુધાળ (Milk cow) ગાય ન ગણીએ પણ Bullock cattle ગણીએ અને જો દુધાળ ગાયની સંખ્યામાં તેમની ગણતરી ન કરીએ તો ભારતમાં દર સો માણસે કદાચ બે જ ગાયો ગણવી પડે. કારણ કે મોટા ભાગની દુધાળ અને શ્રેષ્ઠ ઓલાદની ગાયોનું અને હજારો લિટર દૂધ આપવાની ક્ષમતાવાળી ગાયોનું મોટા ડેરી ઉદ્યોગે નિકંદન કાઢી નાખ્યું છે.

જો બળદ અને છાણ માટે ઉછેરાતી ગાયોની સંખ્યા દુધાળ ગાયો સાથે ગણવાનો આગ્રહ રાખવામાં આવે તો પશ્ચિમમાં માંસ માટે જ ઉછેરવામાં આવતા કરોડો ડુક્કરોની સંખ્યા પણ તેમની ગાયોની સંખ્યા સાથે ગણવાનો આગ્રહ આપણો હોવો જોઈએ.

## પ્રકરણ : ૫

- ❖ **પ્રજાની તમામ મુશ્કેલીઓનો એક જ ઉપાયઃ ભારતીય રીત પ્રમાણે ગાયનું સવંર્ધન**
- ❖ **પાશ્ચાત્યોની સલાહ મુજબ અનાજનો પ્રશ્ન હલ કરવા જતા સર્જાયેલા દૂધ, ઘી અને તેલનો દુકાળ**
- ❖ **ઘી, દૂધ, તેલ પરદેશથી વેપારી ધોરણે મંગાવવાના કરારોથી વધુ શરમજનક શું હોઈ શકે?**

પ્રજા આજે અનેકવિધ મુશ્કેલીઓથી પીડાઈ રહી છે. મુખ્ય મુશ્કેલીઓ પીવાનું પાણી, અનાજ, બળતણ, તાજું ચોખ્ખું દૂધ, શુદ્ધ ઘી, તેલ, ખાંડ, કપડાં, રહેઠાણો, કેળવણી, બેકારી, ગરીબી, રોજેરોજ વધતી મોંઘવારી, કાળા બજાર, અમાનુષી કરભારણ અને ભ્રષ્ટાચાર છે.

આ તમામ મુશ્કેલીઓનો ઝડપી, વહેવારુ અને વિનાખરચે સફળ સામનો કરવો હોય તો ગાય અને ગોવંશની હત્યા સંપૂર્ણ રીતે બંધ કરી ભારતીય રીત મુજબ ગાયોનું સંવર્ધન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

પાશ્ચાત્યો અને તેમના ભારતીય મિત્રોની સલાહથી પશ્ચિમની નીતિ મુજબ અને તેમની સ્વાર્થી મદદથી આપણી મુશ્કેલીઓનો ઉકેલ કરવા જતા આપણે દરેક ક્ષેત્રમાં પછડાટ ખાધી છે, અને પરદેશી કરજના બોજ તેમ જ ભ્રષ્ટાચારની ભીંસમાં ચગદાઈ ગયા છીએ.

૩૦ વર્ષ પછી અનાજમાં સ્વાવલંબી થવાનો જે દાવો કરવામાં આવે છે તે પોકળ છે. અનાજની તંગી નિવારવાના અણસમજ ભરેલા પગલાં લેવા જતા અનાજને બદલે હવે તેલ, દૂધ અને ઘીના દુકાળ સર્જાઈ ચૂકયા છે. આપણે દુનિયાને ગૌરવથી કહીએ છીએ કે ભારત ખેતીપ્રધાન દેશ છે. ખેતીપ્રધાન દેશ કહેવડાવવામાં ગૌરવ લેનારી સરકારો જો ઘી, દૂધ, તેલ પરદેશથી વેપારી ધોરણે આયાત કરવાના કરારો કરે તો એનાથી વધુ શરમજનક બીજું શું હોઈ શકે?

ખેતીપ્રધાન દેશ ઘી, દૂધ અને તેલ પરદેશથી મંગાવે એનાથી એ દેશનું ગૌરવ હણાય છે અને દેશનું ગૌરવ હણાય એવી નીતિ અખત્યાર કરનારને સત્તા ઉપર ચીટકી બેસવાનો કોઈ અધિકાર નથી. પછી ભલે તે સરકાર પોતે લોકશાહી હોવાનો દાવો કરતી હોય.

## પ્રકરણ : ૬

- ❀ **સરકારની ગોરક્ષાની નીતિ એટલે? માતાને ભૂખે મારો અને પિતાને છૂરી હલાવો.**
- ❀ **હિન્દુઓની ધાર્મિક લાગણી દુભવ્યા વિના કરોડો પશુઓની આજે ય થતી ઘાતકી હત્યા.**
- ❀ **આવી યોજનાના ઘડવૈયા ભારતીયો છે કે બીજા કોઈ?**

મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બિહારના રાજ્યોના ગોહત્યાબંધીના કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાની ઢાલ પાછળ સંતાઈને રાજ્યોએ ઘડેલા કાયદાઓમાં વૃદ્ધ, અશક્ત, અપંગ બળદને; કે દૂધ ન આપતી કોઈ પણ ઉંમરની ભેંસને મારી નાખવાની કાયદેસરની છૂટ રાખવામાં આવી છે. કોઈ પણ સ્થિતિમાં ગાયની કતલ કરવાની મનાઈ છે.

આ કાયદાઓનો પ્રામાણિક પણે નિષ્ઠાપૂર્વક અમલ થાય છે કે કેમ તે જાણવા આપણી પાસે કોઈ સાધન નથી; પણ એ કાયદાઓની છટકબારીઓ અને રાજ્યોની આર્થિક તેમ જ કૃષિ-વિષયક નીતિઓએ એ કાયદાઓને અર્થહીન તો જરૂર બનાવી દીધા છે.

### ઢોરોને કતલ કરવાની તરકીબો

કેટલાક રાજ્યોના કાયદાઓમાં બળદની કતલ કરવાની વયમર્યાદા છે, જ્યારે કેટલાકમાં તે કોઈ પણ ઉંમરે કામ કરવાને અશક્ય હોય ત્યારે તેની કતલ કરી શકાય છે. જે મનુષ્ય જુવાન

બળદની ક્તલ કરવા ઈચ્છે, તે છ વર્ષના જુવાન બળદના દાંત પાડી નાખે એટલે તે ખાઈ શકે નહિ, વેદના અને ભૂખથી અશક્ત થઈ જાય અને વૃદ્ધ લાગે. એટલે તેની કતલ કાયદેસરની ગણાય. ચાર વર્ષના જુવાનજોધ બળદને પણ ડાંગના મજબૂત ફટકા મારીને તેનો પગ ભાંગી નંખાય, તે લંગડો બને, ચાલવાને અશક્ત બની જાય; બસ, પછી કરો કતલ; અને કમાઈ લો હૂંડિયામણ. કાયદો સ્વસ્થ અને યુવાન બળદને મારી નાખવાની મનાઈ કરે છે ને? તો, પ્રથમ તેના ઉપર જુલમ ગુજારો, ક્રૂરતાપૂર્વક રિબાવો, પછી મારી નાખો; પછી કાયદો તેવી ક્તલને અટકાવી શકતો નથી.

આવી જ ક્રૂરતા જુવાન ભેંસ ઉપર આચરીને તમે તેને મારી શકો છો. ગાયને કોઈ પણ હાલતમાં ક્તલ નથી કરી શકતા, માટે તેને ભૂખે મારવાની યોજના તૈયાર જ છે. તમામ કપાસિયા પીલી નાખો. એટલે કપાસિયા ન મળવાથી ગાય અને ભેંસના દૂધમાં ઘીનું પ્રમાણ લગભગ નાબૂદ થઈ જશે. ખોળ, ભૂંસું, ગુવાર વગેરેની નિકાસ કરી નાખો. થોડોઘણો માલ બચે તો મરઘાઓને ખવડાવી દો; એટલે ગાયો અને ભેંસો દૂધ આપતી બંધ થશે. પછી તેમને માત્ર ઘાસ ખવડાવવાનું રહે. તે પણ પૂરતા પ્રમાણમાં મળે નહિ માટે ખરીફ પાકમાં તેના ચારાની ઉપજ ઉપર અંકુશ રાખવા માટે મગફળી અને શેરડીના વાવેતર વધારો; ઉનાળામાં જ્યાં ખાસ ઢોરોનો ચારો જ ઉગાડાતો હોય, ત્યાં ઘઉંના વાવેતર કરી નાખો. પછી ઘાસચારો મળે જ નહિ. ગાયો ભૂખે મરી જાય તો દોષનો ટોપલો તેના માલિક ઉપર, સરકારનો એમાં કોઈ જ કસૂર નહિ !!!

## પરદેશી ડેરીઓનું જામી પડેલું સામ્રાજ્ય

બસ, પછી પરદેશી ડેરીઓની ઘી-કેળા થઈ ગયા. હવે શુદ્ધ

ઘીનું સ્થાન લેવા બટર ઑઈલ જે ખરેખર શું છે? આપણા માટે તે અખાદ્ય વસ્તુ છે કે નિર્દોષ ખાદ્ય વસ્તુ છે, તે આપણે જાણતા નથી - અને દૂધનું સ્થાન લેવા દૂધના પાઉડરોની સ્ટીમરો વગેરેના વિવિધ સહાયોના નામે અનેક છૂપા ફાંસલાઓ આવી પહોંચશે. દુનિયાની સહુથી મોટી બજાર ગણાતા ભારતમાં અનાજ, દૂધ, ઘી, તેલ અને દવાના બજારો પરદેશીઓના હાથમાં હોય પછી તેમને બીજું શું જોઈએ?

પરાધીન ભારત કરતાં સ્વાધીન ભારતનું વિનાખર્ચે અને વિના જોખમે વધુ વિશાળ પાયા ઉપર નિર્દય શોષણ કરવાના આ કેવા સરસ રસ્તા! પરદેશી ડેરીઓએ અને તેમના ભારતીય મિત્રોએ શોધી કાઢેલા! આપણા ગોવંશને ખતમ કરવામાં તેમને ઊંડો રસ કેમ ન હોય? અને પરદેશીઓના નિકાસી માલની અહીં આયાત કરવામાં જેમના કમિશનો રહેતા હોય, તેઓ ગોવંશ ખતમ કરવાના વિવિધ ઉપાયો શોધી કાઢે એમાં આશ્ચર્ય પણ શું છે?

તેના અનુસંધાનમાં જ આ બધા ષડ્યંત્રો ગોઠવાયા હોવા જોઈએ, એ વિષે શંકા રાખવાનું હવે કોઈ કારણ જણાતું નથી.

# પ્રકરણ : ૭

❁ **એક દેશી અંગ્રેજે રજૂઆત કરી કેઃ અમારી એંસી ટકા ગાયો અમારા વિકાસમાં બોજારૂપ છે.**

❁ **જો આ ગતિથી પશુનાશ થશે તો ભારતની પ્રજાનું આયુષ્ય ઝાઝું નહિ હોય. ઓ દેશભક્તો! સવેળા જાગો...**

❁ **સર્વનાશના ષડ્યંત્રો પૂરપાટ વેગે ચાલુ થઈ ગયા છે!**

આઠ-નવ વર્ષ પહેલાં જીનિવામાં મળેલી બીજી વિશ્વડેરી પરિષદમાં, ભારતના પ્રતિનિધિએ એવી દરખાસ્ત રજૂ કરી કે, "અમારી ૮૦ ટકા ગાયો અનાર્થિક હોઈ તેમને સત્વરે મારી નાખવાની જરૂર છે. આથી અમારા દેશ ઉપરનો આર્થિક બોજો ઓછો થાય. પણ દુઃખની વાત એ છે કે અમારી પ્રજાની ધાર્મિક ભાવના તેમ કરવામાં આડી આવે છે. માટે આપણે આ પરિષદમાં જ એવા ઉપાયો શોધી કાઢવા જોઈએ જેથી અમારી પ્રજાની ધાર્મિક ભાવનાને આઘાત પહોંચાડયા વિના અમારી ગાયોનો નાશ થઈ શકે!!! (ઈન્ડિયન એક્સપ્રેસ).

૬૦ કરોડ ભારતવાસીઓના પ્રતિનિધિ તરીકે ત્યાં બેઠેલા એ માનવીને, જે દેશમાં તે જન્મ્યો હતો, જે દેશના પૈસે તેણે કેળવણી લીધી હતી અને જે પ્રજાનો પ્રતિનિધિ હોવાનો તે દાવો કરતો હતો, તે દેશના ૪૫ કરોડ હિંદુઓની ધાર્મિક લાગણી સામે કાવતરું કરવામાં તેને જરા પણ આંચકો ન લાગ્યો. અરે! આપણા કોઈ પત્રકારે પણ તેની નોંધ ન લીધી. કદાચ તેમના સેક્યુલરિઝમને

તેથી વાંધો આવી જતો હશે! હાય! સેક્યુલેરિઝમ!

કોઈ વિધાનસભ્યે, લોકસભાના કોઈ સભ્યે કે રાજ્યસભાના કોઈ સભ્યે પણ આ બાબત વિધાનસભા કે, લોકસભામાં ઉપસ્થિત ન કરી! કેવું આઘાતજનક આશ્ચર્ય!

એ કોન્ફરન્સ પછી દેશમાં પશુનાશ થઈ જાય તે રીતના પગલાં જે ઝડપથી લેવાય છે તે ઉપરથી એમ માનવાનું મન થાય કે, જીનિવા પરિષદમાં આપણા સર્વનાશ માટેના ષડયંત્રો ઘડાઈ ચૂકયા હતા અને એના સંદર્ભમાં હિત ધરાવતા બળો આપણી સરકારને ગેરમાર્ગે દોરવવામાં પૂરી સફળતા મેળવી ગયા હોય તેમ જણાય છે.

## લાખો પશુઓને મોતને ઘાટ ઉતારી દેતી યોજનાઓનો ત્વરિત અમલ

એ કાવતરાના અમલરૂપે જ કદાચ,

(૧) આપણા પશુઓના ઘાસચારાના પુરવઠાને કાપી નાખવા માટે ઈ. સ. ૧૯૬૭ પછી ઘઉંના વાવેતર હેઠળ એક કરોડ એકર જમીનનો અને શેરડીના વાવેતર હેઠળ ૧૭ લાખ એકર જમીનનો વધારો કરાયો. (ઈન્ડિયા ઈ. સ. ૧૯૭૪).

(૨) ઘઉંના સાંઠા ગાયોને ખાવાના કામમાં નથી આવતા. જો ઘઉંને બદલે જુવાર, બાજરાનું વાવેતર વધાર્યું હોત તો લોકોને અનાજ મળત અને પશુઓને ચારો પણ મળત અને ઘઉં-બાજરાના વપરાશમાં તેલની જરૂર ન હોવાથી તેલના ભાવ ભડકે બળત નહિ. વળી કપાસિયા પીલી નાખવાનું કાર્ય પૂરઝડપે વિસ્તારવામાં આવ્યું, જેથી પશુઓને કપાસિયા ન મળવાથી તેમની શ્રમશક્તિ અને દૂધ આપવાની શક્તિ ઓછી થઈ જાય. વળી તમામ પ્રકારનો ખોળ પણ

નિકાસ કરી નાખવા ઝડપી પગલાં લેવાયા; જેથી ગાયોને અને ભેંસોને ખોળ ન મળવાથી તેઓ દૂધ આપતી બંધ થઈ જાય અને પછી

(૩) દૂધનો પુરવઠો વધારવાનું બહાનું આગળ કરીને અકુદરતી રીતે ગર્ભાધાન કરાવવાના અને Cross breeding એટલે કે દેશી ગાયોનું વિદેશી સાંઢ દ્વારા સંકરીકરણ કરીને

(૪) સમતોલ ખોરાકના નામે હલકી જાતના પણ હોઈ શકે એવા ઈજારાશાહી ઢબે પશુઓના ખાણના કારખાનાં શરૂ કરીને

(૫) ગામડાઓમાં પાણીની તીવ્ર અછત પ્રત્યે ઉપેક્ષા કરીને અને

(૬) ટ્યુબવેલના પ્રોજેક્ટો વડે જમીન નીચેનું તળ ખૂબ નીચે ઉતારી દઈને, પાણીની અછત વધારીને પશુઓને મોતના મુખમાં ધકેલાઈ જવાના અનેક રસ્તાઓ ખુલ્લા કરી નાખ્યા.

આ બધી એવી યોજનાઓ છે કે ઘાસચારો, પાણી અને કપાસિયા, ખોળ તથા ચૂની વગેરેની અછતથી તેમજ સંકરીકરણ દ્વારા થતા રોગોથી ગાયો કતલખાને મોકલ્યા વિના જ ભૂખે, તરસે અને રોગોથી નાશ પામી જાય અને... બંધારણની કલમ ૪૮ નીચે બનાવાયેલો કાયદો અર્થહીન બની જાય.

## પ્રકરણ : ૮

- **જ્યારથી ગાય ડેરી એનિમલ બની, અને એનું દૂધ વેપારની વસ્તુ બની, ત્યારથી એની સત્યાનાશી શરૂ થઈ.**
- **જેવી કરુણ દશા નારીની કૂટણખાનામાં, તેવી દશા ગાયની ડેરીમાં.**
- **શોષણખોરો જવાબ દે: જે કારણોસર ગોહત્યા; તે જ કારણોસર શું નારી હત્યા પણ થશે કે?**

જે ઘડીએ તમે ગાયને માત્ર જીવદયાની દૃષ્ટિથી પાળવાનું વિચારો છો, અથવા રાક્ષસી શોષણખોરોની દૃષ્ટિ મુજબ તેને માત્ર દૂધ અને માંસ આપનાર Dairy animal તરીકે અથવા વેપાર વિનિમયની ચીજ તરીકે સ્વીકારો છો, તે જ ઘડીએ તમે તેને મોતના વિકરાળ જડબામાં હડસેલવા લાગો છો.

ભારતમાં ગાય કદી પણ ન તો Dairy animal હતી, ન તો વેપારની ચીજ. એ વેપારની ચીજ ન બને અને Dairy animal પણ ન બને, તે માટે હિંદુ ધર્મે ગાય કે ગાયનું દૂધ વેચવાની મનાઈ ફરમાવી. તેને વેપારી દૃષ્ટિબિંદુથી જોવાની મનાઈ કરી; એટલું જ નહિ તેને अध्न्याः (ન હણી શકાય તેવી) ઠરાવી.

ગાય, ગંગા, ગાયત્રી (અથવા નવકારમંત્ર) અને ગીતા (અહીં ગીતાનો અર્થ કોઈ પણ હિંદુ ધર્મગ્રંથ થાય છે) એ ચાર હિંદુઓની આધ્યાત્મિક પ્રગતિના પાયા છે. તે જ પ્રમાણે ગોરક્ષા, વનરક્ષા,

ભૂરક્ષા અને જલરક્ષા કરવાના હિંદુ ધર્મના ચાર આદેશો, હિંદુ સમાજના ભૌતિક અને નૈતિક સમૃદ્ધિના પાયા ગણાયા છે.

આધ્યાત્મિક અને ભૌતિક - બન્ને પ્રકારની પ્રગતિ માટેના બન્ને પ્રકારના સાધનોમાં ગાય અગ્રસ્થાને છે; એટલા પૂરતું એનું મહત્ત્વ વધારે છે. બન્ને ક્ષેત્રે ગાય ન હોય તો બાકીના ત્રણે પાયા નિર્બળ થઈ નાશ પામે.

## જો સ્ત્રીનું મૂલ્યાંકન આર્થિક દૃષ્ટિથી જ કરાય તો

હિંદુ સમાજમાં જેમ સ્ત્રીનું મૂલ્યાંકન તેના રૂપ અને તેની કમાણી કરવાની શક્તિ કે દાયજો લાવવાની ક્ષમતાના આધારે નથી થતું; (કમનસીબે હવે મૂલ્યાંકનની દૃષ્ટિ બદલાવા લાગી છે) તે જ પ્રમાણે ગાયનું મૂલ્યાંકન, તેની દૂધ દેવાની શક્તિના આધારે નથી થતું. જો સ્ત્રીનું મૂલ્યાંકન માત્ર આર્થિક દૃષ્ટિએ જ કરવામાં આવે તો ટૂંક સમયમાં જ સંસ્કૃત હિંદુ સમાજ નાશ પામી જાય અને તે અધમાધમ અસૂરોનું ટોળું બની જાય. જે લોકો આજે ભારતની ગાયને અનાર્થિક ગણાવીને એની કતલ કરવાની હિમાયત કરે છે તેઓ તેમની આર્થિક માન્યતાના આધારે એમ કહી શકે કે, ‘‘હિંદુઓની લગ્નવ્યવસ્થા એક અતિશય અનાર્થિક વ્યવસ્થા છે. શા માટે પુરુષોએ આ લગ્નવ્યવસ્થાનો બોજ ઉપાડીને દર વર્ષે અબજો રૂપિયા એની ઉજવણીમાં ખર્ચવા જોઈએ? અને એ ખર્ચ્યા પછી રોજેરોજનો એ સ્ત્રીને ખવડાવવાનો, તેને કપડાં પહેરાવવાનો, તે બાળકોને જન્મ આપે તેની પ્રસૂતિનો અને સંતાનોને પોષવાનો ખર્ચનો બોજો ઉપાડવો જોઈએ? જો એ બોજ ઉપાડવાનો ન હોય તો આ અબજો રૂપિયાની મૂડીમાંથી અનેક યંત્ર-ઉદ્યોગો સ્થાપી શકાય. અનેક બેકારોને રોજી આપી શકાય. અને હમણાં જે રીતે પુરુષ રહે છે તેના કરતાં વધુ

સારી રીતે વધુ શાંતિથી, વધુ નિશ્ચિંતતાથી તે રહી શકે."

વળી તેઓ એમ પણ કહી શકે કે, "ગમે તેવી અનાર્થિક સ્ત્રીઓને પણ જીવવાનો અને સમાજને ભારરૂપ થવાનો શો અધિકાર છે? કુરૂપ, નબળા બાંધાની, આળસુ, કાંઈ કામ કરવાની અનિચ્છાવાળી અને બુદ્ધિહીન સ્ત્રીઓ કદરૂપી, નબળી અને મૂર્ખ પ્રજા ઉત્પન્ન કરે છે અને એ રીતે આ સુંદર દુનિયાને કદરૂપી બનાવે છે અને ધરતીને ગરીબીથી ભારે બનાવે છે. માટે આ વિશ્વને સુંદર, સમૃદ્ધ અને બદ્ધિશાળી બનાવવું હોય તો આવી તમામ સ્ત્રીઓનો નાશ કરવો જોઈએ, અને સુંદર, યુવાન, પુરુષોએ ભોગવવા યોગ્ય અને બુદ્ધિ કે શીલ વેચીને પણ ધન કમાઈ શકે એવી સ્ત્રીઓને જ જીવવાનો અધિકાર આપવો જોઈએ !!!"

તેઓ એમ પણ કદાચ કહેશે કે, "આ દુનિયામાં વસતિવધારો, ગરીબીવધારો અને ભૂખમરાનો અંત લાવવો હોય તો રૂપવતી, યુવાન અને કોઈ પણ પ્રકારે ધન કમાઈ આપે એવી સ્ત્રીઓને રાખીને બાકીની સ્ત્રીઓનો નાશ કરવો જોઈએ. અને જેમ જેમ એ સ્ત્રીઓ પુરુષભોગ્ય બનવા અયોગ્ય થતી જાય તેમ તેમ તેમનો પણ નાશ કરતા જવો જોઈએ."

## પશુનાશની યોજનામાં પાસા પોબાર પાડતા શોષણખોરો

ભારતની ગાયોની બાબતમાં આવી જ દલીલો વર્ષોથી થતી રહી છે અને તેને Dairy animal તરીકે ઉછેરવાનું શરૂ કરીને અને તેને વેપારની ચીજ બનાવી દઈને, ઉપર લખેલી સ્ત્રીઓ વિષેની દલીલો ગાયો માટે સાચી ઠરાવવાના પ્રયત્નો થાય છે. ગાયોને Dairy animal તરીકે સ્વીકાર કરવામાં આ શોષણખોરો વધુ ને વધુ ફાવતા જાય છે; અને શ્રી વિનોબાજી અને તેમના અનુયાયીઓ

પણ આ જાળમાં ફસાઈને ગાયને આર્થિક દૃષ્ટિએ જોતા થયા છે: માત્ર આર્થિક (દૂધ આપવાની ક્ષમતાના) આધારે જ ગાયનું મૂલ્યાંકન કર્યા પછી અને ગાયના દૂધનો પણ Commercial commodity વેપારની ચીજ - તરીકે સ્વીકાર્યા પછી એ જ દલીલોને આધારે સ્ત્રીઓનું પણ મૂલ્યાંકન કરવાની તેઓ કઈ રીતે ના પાડી શકશે?

જેમ ગાય અને ગાયનું દૂધ કદી પણ વેપાર વિનિમયની ચીજ બનાવી શકાય નહિ, તેમ ગાય કદી પણ અનાર્થિક હોઈ શકે નહિ. પણ પશ્ચિમની શોષક અર્થવ્યવસ્થાના સમર્થક શોષણખોરોએ સમસ્ત જીવસૃષ્ટિનું શોષણ કરવાના એક પ્રચંડ હથિયાર તરીકે પ્રયત્નપૂર્વક યોજનાબદ્ધ રીતે ગાયને અનાર્થિક દેખાડવાની માયા ફેલાવી છે. એક જમાનામાં રોજ પાંચ શેર દૂધ આપતી ગાય, આર્થિક રીતે પાળવી પરવડતી. પછી શોષણખોરોએ તેમના ખોરાકનો નાશ કરવાના પગલાં લીધા અને તેના સટ્ટા, સંઘરા કરીને તેના ભાવ તેમ જ અછત બન્ને વધાર્યાં. તે જ પ્રમાણે વિવિધ પ્રકારની આડખીલીઓ ઊભી કરીને ઘેર ઘેર ગાય રાખવાનું મુશ્કેલ બનાવીને દૂધને વેપાર વિનિમયની ચીજ બનાવી અને ગાયના દૂધની કિંમત કરતાં તેના ખાધાખોરાકીનો ખર્ચ વધારીને ગાયને અનાર્થિક ગણાવીને તેને ક્તલખાનાને હવાલે કરવા લાગ્યા.

હવે દૂધ આપવાની ક્ષમતાની અને દૂધના ભાવના માપદંડની કસોટીએ દશ શેર દૂધ આપનારી ગાય આર્થિક બની; પણ થોડા જ વખતમાં તેના ખાધાખોરાકીના ભાવ-નિકાસ અને સટ્ટા, સંઘરા દ્વારા વધારી મૂકીને તેને પણ અનાર્થિક ગણી ક્તલ કરવા યોગ્ય ઠરાવી. આ જ રીતે પશુઓના ખોરાકની નિકાસ અને સટ્ટા અને સંઘરા વગેરે દ્વારા રોજ ૩૦ લિટર દૂધ આપતી ગાયને પણ

અનાર્થિક ઠરાવી શકાય અને ગાયોની કતલ પર પ્રતિબંધના કાયદાનો અમલ જે રાજ્યમાં ન હોય ત્યાં અથવા પરદેશોમાં કતલ થવા માટે મોકલી શકાય. વળી થોડાક વૈજ્ઞાનિકોને ખરીદી લઈને નવા સંશોધનો મુજબ ગાયના દૂધને અમુક અંશે નુકસાનકારક ઠરાવીને તેને સ્થાને શ્રેષ્ઠ પોષણ આપનારી દવાઓ તરીકે અમુક દવાઓ બનાવી તેનો પ્રચાર કરી શકાય અને આ પ્રમાણે ભારતની ગાયોનું સંપૂર્ણ રીતે નિકંદન કાઢીને માનવજાતનું ભયંકર શોષણ પણ કરી શકાય. શોષક અર્થવ્યવસ્થાના સમર્થકોએ વિજ્ઞાનને પોતાનો ગુલામ બનાવ્યો છે. એટલે વિજ્ઞાનને નામે તેઓ ધારે તે દુષ્કર્મ કરી શકે છે.

## ગોહત્યા જેમ સ્ત્રીહત્યા આદિ પણ વાજબી ઠરશે કે શું?

હિંદુ ધર્મે ગોહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યાને સહુથી મોટા પાપ ગણ્યા છે. અને ત્રણેને એક બીજાના અનુસંધાનમાં મૂકયા છે. શોષક અર્થવ્યવસ્થાના સમર્થકો ગોવંશનું નિકંદન કાઢયા પછી એ જ ન્યાયે સ્ત્રીઓની - તેમના આર્થિકો મૂલ્યાંકનના માપદંડની કસોટીએ હત્યા કરવાનું વાજબી ઠરાવી શકશે. વસતિવધારો, ગરીબી અને અનાજની તંગી એ તેમની મોટામાં મોટી દલીલો હશે.

એક રૂપયૌવના રોજ કેટલા પુરુષોને સંતોષી શકે તેનો હિસાબ કરીને બાકીની સ્ત્રીઓને મોતના જડબામાં હડસેલી દેવાનું વાજબીપણું તેઓ પુરુષોના મન ઉપર ઠસાવી શકશે. અને જેમ પશ્ચિમના દેશોમાં જન્મેલા વાછડાઓમાંથી અમુક પસંદ કરેલાને જીવતા રાખીને બાકીનાને મોતને હવાલે કરવામાં આવે છે, તેમ જન્મેલા બાળકોમાંથી પણ રૂપ-સંપન્ન અને તંદુરસ્ત તરીકે વૈજ્ઞાનિકોએ માન્ય કરેલા બાળકોને જીવવાનો અધિકાર આપીને બાકીનાને મોતને હવાલે કરે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નહિ હોય. જીવનના તમામ

પાસાઓને ભૌતિકવાદ, અર્થવાદ અને તેના ગુલામ વિજ્ઞાનની દૃષ્ટિએ જ મૂલવવામાં આવે તો ઉપર લખેલા કાર્યો લોકોને ખોટા કે અમાનુષી નહિ લાગે.

## ઓ બહેનો! ચેતો... આંધળુકિયા ન કરો

ગોહત્યાની નીતિએ અને જીવનના તમામ પાસાઓને આર્થિક મૂલ્યાંકનની જ દૃષ્ટિએ જોવાની નીતિએ સ્ત્રી અને બાળસમાજ સામે ઘેરો ભય પેદા કર્યો છે. સ્ત્રીઓ સાવધ બનીને એ પડકાર ઝીલે છે કે મૂંગે મોંએ અધોગતિ એને નાશના જડબામાં ધકેલી દે છે એ તો સમય જ કહી શકશે. આજે તો સ્ત્રીઓ જ મહિલા-પરિષદો દ્વારા સંતતિનિયમનનો ઝંડો લઈને ફરવા લાગી છે. પણ જાપાનમાં બન્યું છે તેમ સંતતિનિયમનના તમામ ઉપાયો નિષ્ફળ નીવડયા પછી અથવા તો વધુ ઝડપી આર્થિક ઉન્નતિ લાવવાના બહાને ઉપર જણાવેલા સૂચનો જાહેર થશે ત્યારે આ મહિલા મંડળોને, તેમના ભૂતકાળના સંતતિનિયમનના પ્રચાર માટે પસ્તાવાનો પાર નહિ રહે.

ગાય અને સ્ત્રી બન્નેનું હિંદુ સમાજમાં સમાન સ્થાન છે. તેમનું મૂલ્યાંકન ધાર્મિક અને સુસંસ્કૃત, સમૃદ્ધ સમાજવ્યવસ્થા ચાલુ રાખવાની દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. તે બન્ને વિના સુસંસ્કૃત, સમૃદ્ધ સમાજની કલ્પના પણ થઈ શકે નહિ. માટે જ હિંદુ ધર્મે ગોહત્યા અને સ્ત્રી હત્યા મોટામાં મોટા પાપ ગણ્યા છે.

## સેક્યુલરિઝમનો સિદ્ધાંત ધર્મતત્ત્વને ઉપેક્ષિત કરવા માટે હશે?

હિંદુ ધર્મમાં જે કોઈનું મૂલ્યાંકન ધર્મ અને સંસ્કૃતિની દૃષ્ટિએ થયું, એ તમામને ધર્મથી રક્ષિત બનાવી તેના નાશને મહાપાપ

ગણવામાં આવ્યું. આપણા એ મહાન અને શ્રેષ્ઠ મૂલ્યોને ઉખેડી નાખીને માત્ર આર્થિક દૃષ્ટિએ નવું મૂલ્યાંકન કરવું હોય તો ધર્મના રક્ષણથી તેમને દૂર કરવા જોઈએ. તેમ કરવા માટે ધર્મ તરફ ઉદાસીનતા પેદા કરવી જોઈએ. અને એટલા માટે જ શોષક અર્થવ્યવસ્થાના પૂજારીઓએ રાષ્ટ્રવાદના નામે ધર્મને ગૌણ બનાવી Secularism નું સૂત્ર હવામાં તરતું મૂકયું છે.

શોષણખોરોના આ નગ્ન તાંડવોને થંભાવીને ગાયને સમાજમાં તેનું અસલ સ્થાન ન અપાવી શકીએ, Dairy animal બનેલી ગાયને ડેરીની ચાર દીવાલો વચ્ચેના કેદખાનામાંથી છોડાવીને સમાજમાં ઘેર ઘેર ન પહોંચાડી શકીએ તો સ્ત્રી સમાજને પણ શોષણખોરોના મહાવિનાશક જડબામાં ધકેલાઈ જતી અટકાવી શકીશું નહિ.

**હવે નારી ઉપર ઘેરાતા આફતના વાદળો**

ભારતની ગાય ખતમ થવાની અણી ઉપર છે. જે ગાયો ક્તલખાનેથી બચી છે તે ડેરીઓની દીવાલો વચ્ચે કેદમાં પડી છે. વળી જે ગાયો ડેરીને પાત્ર નથી તે પરદેશોમાં મોકલાઈ રહી છે. બીજી બાજુ શોષક અર્થવ્યવસ્થાના સમર્થકોની આંખ સ્ત્રીસમાજ ઉપર મંડાઈ ચૂકી છે. દહેજની વકરતી જતી લાલસા અને પ્રથામાં આવી રહેલા ભયના ઓળા સ્પષ્ટ રીતે જોઈ શકાયા છે. સ્ત્રીઓનો સ્વીકાર આર્થિક મૂલ્યાંકનની કસોટી ઉપર જ કરવામાં હવે ગૌરવ, ખાનદાની અને કુશાગ્ર બુદ્ધિપણું ગણાવા લાગ્યા છે. કેવું હશે ભારતનું ભયાનક ભાવી?

ભગવાન જાણે !

- સબૂર ! દેશ (ધરતી) જ આબાદ બની રહેલ છે. પ્રજા તો સંસ્કૃતિનાશ દ્વારા બરબાદ થતી જ જાય છે. જો આમ જ ચાલશે તો આબાદ બનતા જતા આ દેશમાં કાયમી વસવાટ માટે પુનઃ ગોરાઓના ટોળેટોળાં ઉતરશે ! અને બિચારી ! એ વખતે જીવતી રહેલી ભારતીય પ્રજા ! એ લોકોના મકાનોમાં ઝાડુ વાળતી, એમની ખુશામતખોરીમાં શેષ જીવન પૂર્ણ કરશે ! કેવો કારમો વિનિપાત !
- એક માણસ પૂર્વ તરફ – પ્રકાશની દિશા તરફ મક્કમ પગલે ચાલતો હતો. કોકે એને 'ઘૂમ જાઓ' કહ્યું અને તે તરત પૂર્વને છોડીને પશ્ચિમ–સન્મુખ થઇ ગયો, પછી પેલાએ તેને ધક્કો લગાવ્યો એટલે તે જોરથી દોડવા લાગ્યો. પેલાએ કહ્યું, "દેખો ! વિકાસ, દોટ, પ્રગતિ, હરણફાળ !"
  હાય ! દોટ ખરી પણ પશ્ચિમ તરફ ! અંધકાર તરફ ! આના કરતાં પૂર્વના પ્રકાશ તરફની ધીમી પણ ગતિ શું ખોટી હતી ?
- પરદેશી અંગ્રેજોએ અહીંથી જતા પહેલાં શિક્ષણ દ્વારા જે દેશી અંગ્રેજો (શિક્ષિતો) તૈયાર કર્યા તેઓ જ આ આર્યવર્તની સઘળી ખાનાખરાબીનું મૂળ કારણ છે. દેશના ચાવીરૂપ સ્થાને તેઓ ચડી બેઠા છે. તેમને ત્યાંથી દૂર કર્યા વિના પ્રજાને સાચા સુખ અને શાંતિ સાંપડે તે સંભવિત નથી.
  પરદેશી – ગોરા અંગ્રેજોને કાઢનારાઓએ હવે દેશી કાળા અંગ્રેજોને પણ ઘેર બેસાડવા પડશે.

–પં. ચન્દ્રશેખર વિજયજી